# EXTERNAL EXAM FAQ

**૧. એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં ક્યા કોર્ષની પરીક્ષા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવે છે?**

**જવાબ:-** હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં બેચલર ઓફ આર્ટસ(B.A.), બેચલર ઓફ કોમર્સ(B.COM.) , માસ્ટર ઓફ આર્ટસ(M.A.), માસ્ટર ઓફ કોમર્સ(M.COM.), એમ.એ. ગાંધિયન સ્ટડીઝ અને એમ.એ. એજ્યુકેશન કોર્ષની પરીક્ષા લેવામાં આવે છે.

**૨. CBCS પ્રકારની સેમેસ્ટર સિસ્ટમ એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં ક્યારથી શરુ કરવામાં આવેલ છે?**

**જવાબ:-** CBCS પ્રકારની સેમેસ્ટર સિસ્ટમ ૨૦૧૨ થી એક્સ્ટર્નલ અભ્યાસક્રમમાં અમલ કરવામાં આવેલ છે.

**૩. હું અકસ્માતે ઘાયલ/ અંધ/ શારીરિક રીતે અપંગ વિદ્યાર્થી છું. શું મને રાઈટરની સુવિધા મળી શકે? તે અંગે શું કાર્યવાહી કરવાની રહે.**

**જવાબ :-** હા, આ અંગે યુનિવર્સિટીના ચોક્કસ નિયમો છે. સંબધિત વિદ્યાર્થીએ પરીક્ષા શરુ થાય તેનાં ૭ દિવસ પહેલા અરજી કરવાની રહે છે. અરજી સાથે સિવિલ હોસ્પીટલ (સિવિલ સર્જન)નું પ્રમાણપત્ર જોડી લેખક (રાઈટર) ની અરજી ફોટો સાથે અને પોતાનો સ્વીકાર પત્ર આપવો. લેખક ૧૨ પાસ હોવો જોઈએ નહી અને અન્ય ઉચ્ચ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ નહી.

**૪. મે ધોરણ ૧૦ પછી બે વર્ષનો આઈ.ટી.આઈ, એન.સી.વી.ટી. અને જી.સી.વી.ટી. કરેલ છે. તો મને એક્સ્ટર્નલમાં ક્યાં સેમેસ્ટરમાં પ્રવેશ મળે?**

**જવાબ:-** હા, જે વિદ્યાર્થીઓએ ધો. ૧૦ પછી બે કે તેથી વધુ વર્ષના આઈ.ટી.આઈ, એન.સી.વી.ટી. અને જી.સી.વી.ટી. ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષા બોર્ડની અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને એક્સ્ટર્નલ બી.એ./ બી.કોમ. સેમેસ્ટર ૧ થી એડમીશન આપવામાં આવે છે.

**૫. મેં કોલેજમાંથી પ્રથમ વર્ષ બી.એ. / બી.કોમ. પાસ કરેલ છે અને બીજું ધોરણ ૧૦ પછીના ત્રણ વર્ષ કે તે થી વધુ વર્ષના ડીપ્લોમાં પાસ કરેલ હોય તો શું મને એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે સેમેસ્ટર-૩ માં પ્રવેશ મળી શકે? તે અંગે શું કાર્યવાહી કરવાની રહે છે?**

જવાબ :- હા, જે વિદ્યાર્થીએ પ્રથમ વર્ષ બી.એ./ બી.કોમ. પાસ કરેલ છે અથવા કોલેજમાં રેગ્યુલર સેમેસ્ટર ૧ અને ૨ પાસ કરેલ છે. તેવા વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીના O.Gen.Com.(Ext.)-6 અને O.Gen.Arts (Ext.)-6 મુજબ એડમીશન આપી શકાય છે. પરંતુ વિદ્યાર્થીએ જે કોલેજમાં અભ્યાસ કરતો હોય ત્યાંથી NOC કઢાવીને જમા કરવાનું રહે છે. અને વધુમાં જણાવવાનું કે જે વિદ્યાર્થીઓએ પ્રેક્ટીકલ વિષય રાખેલ હશે તેવા વિદ્યાર્થીઓને એક્સ્ટર્નલમાં પ્રવેશ મળશેનહી. જે વિદ્યાર્થીઓએ ૩ વર્ષ ડીપ્લોમાં કર્યું હશે તેવા વિદ્યાર્થીઓને બી.એ./ બી.કોમ. માં ડાયરેક્ટ ત્રીજા સેમેસ્ટરમાં પ્રવેશ મળી શકશે.

૬. મેં કોલેજમાં રેગ્યુલર વિદ્યાર્થી તરીકે બી.એ./ બી.કોમ. મા સેમેસ્ટર ૪ સુધી રેગ્યુલરમા કરેલ છે. ત્યાર બાદ અભ્યાસ છોડી દીધેલ છે. તો શું મને ૫ મા સેમેસ્ટર થી એક્સ્ટર્નલમા એડમીશન મળી શકે?

જવાબ :- હા, જે વિદ્યાર્થીએ બી.એ./ બી.કોમ. સેમેસ્ટર ૪ સુધી રેગ્યુલર કોલેજમાં પાસ કરેલ હોય ત્યારબાદ અન્ય જગ્યાએ જોબ મળી જતા ઉપર જણાવેલ પ્રશ્ન ૫ નાં જવાબમાં જણાવેલ ઓર્ડીનન્સ મુજબ એક્સ્ટર્નલમા સેમ. ૫ થી એડમિશન આપવાની જોગવાઈ છે.

૭. રીએસેસમેન્ટ અંગે શું કાર્યવાહી કરવાની રહે છે?

જવાબ: રીએસેસમેન્ટ જે તે પરીક્ષાનું પરીણામ જાહેર કર્યાની તારીખ થી ૧૦ દિવસ કામના દિવસો દરમ્યાન કરવાનું રહે છે. વેબસાઈટ ઉપર જે રિઝલ્ટ આપેલી તેની કોપી સામેલ રાખી પુન: મૂલ્યાંકન કરી શકાશે. પુન:મૂલ્યાંકનનું ફોર્મ વેબસાઈટમા રાખવામાં આવેલ છે.

૮. મારી માર્કશીટમાં W-0156 લખાયેલ છે ? શા માટે તે જણાવવામાં આવેલ છે? માર્કશીટમાં W-0156 હોય તો મારે શું કાર્યવાહી કરવાની રહે?

જવાબ:- W-0156 નો અર્થ પરીણામ અનામત રાખેલ છે. નીચલી પરીક્ષામાં ફેલ હોય તેને કારણે છેલ્લી પરીક્ષાનું પરીણામ જાહેર કરવામાં આવતું નથી. એટલે કે અનામત(WITHHELD ORD. 156 ) રાખવામાં આવે છે. જયારે નીચલી પરીક્ષા પાસ થય જાય ત્યારે વિદ્યાર્થીએ પરીણામમાં અનામત સુધારવાનું રહે છે. પરીણામ અનામત માંથી જાહેર કરવા જે તે કોર્ષની બધી માર્કશીટ અને અનામત વાળી ઓરીજીનલ માર્કશીટ લઈને યુનિવર્સિટીએ આવાનું રહે છે.

૯. માર્કશીટ મને કેવી રીતે મળશે?

જવાબ:- વિદ્યાર્થીઓને માર્કશીટ વિદ્યાર્થીએ ભરેલ ફોર્મમાં જે સરનામું નાખેલ હશે તે સરનામાં ઉપર સ્પીડ પોસ્ટ અથવા યુનિવર્સિટી નક્કી કરે તે માધ્યમ દ્વારા વિદ્યાર્થીના ઘરનાં સરનામાં ઉપર મળી જશે.

૧૦. મને જયારે વેરીફીકેશન માટે બોલાવવમાં આવે ત્યારે ક્યા ડોક્યુમેન્ટસ સાથે હાજર થવાનું રહે છે? કોને વેરીફિકેશન માટે બોલાવવામાં આવે છે?

જવાબ:-

- <u>ખાસ સુચના :</u>જે વિદ્યાર્થીઓને ફોર્મમાં સુચના આવેલ હોય તેવા વિદ્યાર્થીઓને જ વેરીફીકેશન માટે આવવાનું રહે છે.
- ઓરીજીનલ છેલ્લી માર્કશીટ તેની ઝેરોક્ષ, લીવીંગસર્ટીફીકેટ તેની ઝેરોક્ષ, ઓનલાઈન ભરેલ ફોર્મની પ્રિન્ટઆઉટ અને તેની એક ઝેરોક્ષ, સાથે રાખીને નિયત કરેલ તારીખ સુધીમાં વેરીફીકેશન કરવા જવાનું રહે છે.

૧૧. મારું નામ બદલાઈ ગયેલ છે. મારે પરીક્ષા વિભાગમાં મારું નવું નામ રજીસ્ટર કરવા માટે મારે શું કરવું જોઈએ?

જવાબ:- જો તમારું નામ બદલ્યું હોય અને સરકારી ગેઝેટમાં જે નામ હોય તો તે જ નામ અરજી કરી શકો. અને તે ગેઝેટેડ કોપી અરજી સાથે રાખવી અને નામમાં ફેરફાર ફક્ત ત્યાર બાદની પરીક્ષામાં થય શકશે. લેવાય ગયેલ પરીક્ષામાં ફેરફાર થઈ શકશે નહી આ માટેની ફી ૧૦૦/ - રાખેલ છે.